પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૭૫ ૨૫ મે, ૨૦૨૩, ગુરૂવાર; જેઠ સુદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# યુપીઆઈ ચૂકવણીમાં ગામડાઓનો ૨૫ ટકા હિસ્સો

**યુપીઆઈ ટ્રાન્ઝેક્શન ૧૩૯ લાખ કરોડના રેકોર્ડને પાર : હવે ડિજિટલ પેમેન્ટના કારણે એટીએમમાંથી પૈસા ઉપાડવા માટેનું પ્રમાણ ઘટીને ૧૭ ટકા થઈ ગયું**

નવી દિલ્હી, તા.૨૪

વર્ષ ૨૦૨૩-૨૩માં યુપીઆઈથી થયેલા ટ્રાન્ઝેક્શન ૧૩૯ લાખ કરોડ રુપિયાના રેકોર્ડને પાર પહોંચી ગયા છે. વર્ષ ૨૦૧૬માં યુપીઆઈથી ફક્ત ૬૯૪૭ કરોડ રુપિયાના ટ્રાન્ઝેક્શન થયા હતા. આ સમયગાળા દરમિયાન યુપીઆઈ- વ્યવહારો સંખ્યાની દ્રષ્ટિએ ૧.૮ કરોડથી વધીને ૮,૩૭૫ કરોડ થયા છે. એસબીઆઈના રિપોર્ટ અનુસાર ૨૦૧૫-૧૬માં જીડીપીની સરખામણીમાં ડિજિટલ પેમેન્ટ ૬૬૮ ટકા હતું, જે હવે ૭૬૭ ટકા પર પહોંચી ગયું છે. આરટીજીએસસિવાય રિટેલ ડિજિટલ ચૂકવણી ૧૨૯ ટકાથી વધીને ૨૪૨ ટકા થઈ છે. બીજી બાજુ વર્ષ ૨૦૨૨-૨૩માં મૂલ્યની દ્રષ્ટિએ યુપીઆઈચૂકવણીમાં ગામડાઓનો હિસ્સો વધીને ૨૫ ટકા સુધી પહોંચી ગયો જ્યારે શહેરોનો હિસ્સો ૨૦ ટકા રહ્યો હતો. ખાસ વાત એ છે કે યુપીઆઈપેમેન્ટમાં ગામડાઓએ શહેરોને પાછળ છોડી દીધા છે.

રિટેલમાં યુપીઆઈનું મૂલ્ય વધીને ૮૩ ટકા થયું છે. હવે ડિજિટલ પેમેન્ટના કારણે એટીએમમાંથી પૈસા ઉપાડવાનું પ્રમાણ ઘટીને ૧૭ ટકા થઈ ગયું છે. એટીએમમાંથી કુલ ટ્રાન્ઝેક્શન રૂપિયા ૩૦-૩૫ લાખ કરોડ થયા છે. આ અગાઉ વર્ષ ૨૦૧૭માં એટીએમ ટ્રાન્ઝેક્શન નોમિનલ જીડીપીના ૧૫.૪ ટકા હતા જે હવે ઘટીને ૧૨.૧ ટકા થઈ ગયા છે.

એસબીઆઈએ પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે આરબીઆઈના ૨૦૦૦ની નોટ પાછી ખેંચવાના નિર્ણયની અર્થવ્યવસ્થા પર કોઈ અસર થશે નહીં. જો કે આ બેંકોને લિક્વિડિટી મોરચે મદદ કરશે. આ રિપોર્ટમાં એવી ધારણા છે કે નોટો ઉપાડવાથી સિસ્ટમમાં લગભગ ૩ લાખ કરોડ રૂપિયા પાછા આવશે જ્યારે બેંકોની કરન્સી ચેસ્ટમાં પહેલેથી જ ૬૦ હજાર કરોડ રૂપિયાથી વધુ છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પહેલા લોકો પૈસા ઉપાડવા માટે વર્ષમાં સરેરાશ ૧૬ વખત એટીએમની મુલાકાત લેતા હતા. હવે આ સંખ્યા ઘટીને ૮ વાર જ થઈ ગઈ છે. સતત ડિજિટલ પેમેન્ટને કારણે એટીએમમાંથી રોકડ ઉપાડવામાં ઘટાડો થયો છે. હાલમાં દેશમાં ૨.૫ લાખ એટીએમછે. રિપોર્ટ અનુસાર એપ્રિલમાં યુપીઆઈથી કુલ ૧૪.૧ લાખ કરોડ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન દરેક ચુકવણીનું સરેરાશ મૂલ્ય રૂપિયા ૧,૬૦૦ હતું. દેશના ટોપ-૧૫ રાજ્યોમાં મૂલ્ય અને સંખ્યાના સંદર્ભમાં યુપીઆઈનો હિસ્સો ૯૦ ટકા રહ્યો છે. ટોપ-૧૦૦ જિલ્લાઓમાં આ હિસ્સો ૪૫ ટકા છે. આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગાણા અને કર્ણાટક મૂલ્ય દ્વારા યુપીઆઈચૂકવણીમાં ૮-૧૨ ટકા હિસ્સો ધરાવે છે. યુપી, રાજસ્થાન, બિહાર, તમિલનાડુ, પી. બંગાળમાં તે ૫-૮ ટકા છે.

## નવા સંસદ ભવનના મોદીના દ્વારા ઉદ્‌ઘાટનનો ૧૯ વિપક્ષનો બહિષ્કાર

**વિપક્ષી દળોનું કહેવું છે કે ઉદઘાટન પીએમ નહીં રાષ્ટ્રપતિએ કરવું જોઈએ, વિપક્ષે આક્ષેપ કર્યો છે કે તે રાષ્ટ્રપતિની ગરીમાને નબળી પાડી રહી છે**

નવી દિલ્હી, તા.૨૪

ભારતની સંસદનું નવું ભવન બનીને તૈયાર થઈ ગયું છે ત્યારે પીએમ મોદી આગામી ૨૮મેના રોજ તેનું ઉદઘાટન કરવાના છે. આ દરમિયાન ઉદઘાટન અંગે રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસ, ડાબેરીઓ અને આમ આદમી પાર્ટી સહિત વિપક્ષી દળોનું કહેવું છે કે ઉદઘાટન પીએમ મોદીએ નહીં પણ રાષ્ટ્રપતિએ કરવું જોઈએ. આટલું જ નહીં વિપક્ષો સરકાર સામે આક્ષેપ કર્યો છે કે તે રાષ્ટ્રપતિની ગરીમાને નબળી પાડી રહી છે. તેમને સરકારના વડા હોવા છતાં ઉદઘાટન માટે બોલાવાયા નથી. આ દરમિયાન કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, ઉદ્ધવ ઠાકરેની શિવસેના, એનસીપી, આરજેડી, જદયુ સહિત ૧૯ વિપક્ષી દળોએ આ સમારોહમાં હાજરી નહીં આપી તેનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી દીધી છે. પીએમ મોદીના હસ્તે સંસદના ઉદઘાટન અંગે સૌથી પહેલા કોંગ્રેસના પૂર્વ સાંસદ રાહુલ ગાંધીએ સવાલ ઊઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે આ ઉદઘાટન પ્રધાનમંત્રીએ નહીં પણ રાષ્ટ્રપતિએ કરવું જોઈએ. તેમના પછી કોંગ્રેસ અધ્યક્ષ

● અનુસંધાન પાન-૭ પર

## નવા સંસદ ભવનના ઉદ્‌ઘાટનમાં મોદી ૬૦ હજાર શ્રમયોગીનું સન્માન કરશે

**પીએમ મોદી ૨૮ મેના રોજ નવા સંસદ ભવનનું ઉદ્‌ઘાટન કરશે : ઉદ્‌ઘાટન સમારોહમાં એક ઐતિહાસિક પરંપરા સેંગોલને પુનર્જીવિત કરાશે, જેની પાછળ યુગોથી જોડાયેલી પરંપરા છે**

નવી દિલ્હી, તા.૨૪

મોદી સરકાર ૯ વર્ષ પૂર્ણ કરવા જઈ રહી છે. આ ખાસ અવસર પર ગૃહમંત્રી અમિત શાહ પ્રેસ કોન્ફરન્સ કરી રહ્યા છે જેમાં તેઓ ૯ વર્ષમાં સરકારની ઉપલબ્ધિઓ જણાવી રહ્યા છે. આ દરમિયાન તેમણે કહ્યું કે નવું સંસદ ભવન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દૂરંદેશીનો પુરાવો છે, તે રેકોર્ડ સમયમાં પૂર્ણ થયું છે. તેમણે કહ્યું કે પીએમ મોદી ૨૮ મેના રોજ નવા સંસદ ભવનનું ઉદ્‌ઘાટન કરશે. આ દરમિયાન તેઓ ૬૦ હજાર શ્રમ યોગીઓનું સન્માન પણ કરશે.



કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પત્રકાર પરિષદને સંબોધતા મોટી જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે આગામી ૨૮મેના રોજ વડાપ્રધાન મોદી નવા સંસદ ભવનનું ઉદઘાટન કરશે. તેમણે કહ્યું કે તેની સાથે સાથે પીએમ મોદી ૬૦૦૦૦ શ્રમયોગીઓનું સન્માન પણ કરશે. આ નવું સંસદ ભવન પીએમ મોદીની દુરદર્શિતાનું જ પરિણામ છે. જ્યારે બીજી બાજુ વિપક્ષો તરફથી આ સંસદ ભવનના ઉદઘાટન સમારોહનો બહિષ્કાર કરવાના અહેવાલ આવી રહ્યા છે. જેમાં કોંગ્રેસ સહિત ટોચના વિપક્ષી દળો સામેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હીમાં લિકર પોલિસી કૌભાંડ મામલે ઈડીના ૬ સ્થળ પર દરોડા

**એએપીના સાંસદ સંજય સિંહે ઈડીની આ કાર્યવાહીને ધર્માંધતા ગણાવી : ટ્વીટર પર પોતાનો એક વીડિયો શેર કર્યો**

નવી દિલ્હી, તા.૨૪

આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે દાવો કર્યો છે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમો તેમના સહયોગીઓના ઘર પર દરોડા પાડી રહી છે. સાંસદ સંજય સિંહ હાલમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે અન્ય પક્ષોના નેતાઓને મળવા માટે દિલ્હીની બહાર ગયા છે. આપના સાંસદે ઈડીની આ કાર્યવાહીને ધર્માંધતા ગણાવી છે. આ અંગે સંજય સિંહે ટ્વીટર પર પોતાનો એક વીડિયો શેર કર્યો છે. આજે દિલ્હીમાં લિકર પોલિસી કૌભાંડ મામલે ઈડીએ ૬ સ્થળો પર દરોડા પાડ્યા છે.

આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે ટ્વીટ કરીને લખ્યું હતું કે મોદીની દાદાગીરી ચરમસીમાએ છે. હું મોદીની તાનાશાહી સામે લડી રહ્યો છું. સંજય સિંહે વધુમાં કહ્યું કે જ્યારે તેમને મારી વિરુદ્ધ કંઈ ન મળ્યું ત્યારે તેઓએ મારી ભૂલ સ્વીકારી લીધી, તેથી હવે તેઓ મારા સાથીદારોના ઘરે દરોડા પાડી રહ્યા છે. આજે સવારે મને ખબર પડી કે મારા સાથીદારોના ઘરે દરોડા પાડવામાં આવ્યા છે. હું ઈડીને કહેવા માંગુ છું કે કોઈપણ પ્રકારનું હથિયાર અપનાવો, હું તમારી સામે ઝૂકીશ નહીં. ઈડીનો કેવી રીતે દુરુપયોગ થઈ રહ્યો છે તે અમે આખા દેશની સામે ઉજાગર કરવાનું ચાલુ રાખીશું.

KNOWLEDGE IS WISDOM · AIS ·
APOLLO
INTERNATIONAL SCHOOL
11th - 12th SCIENCE
ગુજરાતી માધ્યમ / અંગ્રેજી માધ્યમ
NEET JEE GUJCET
NEET
JEE
GUJCET
BOARD NCERT SYLLABUS
YEAR : 2023-24
એડમીશન ઓપન
NO TUITION CONCEPT
LATEST SCIENCE LAB.
HIGHLY QUALIFIED & EXPERIENCED STAFF
SILENT & GREEN ATMOSPHERE
AUDIO VISUAL TEACHING



સમગ્ર ગુજરાતમાં સૌ પ્રથમ પાસ થવાની લેખિત ગેરંટી આપતી શાળા
12th SCIENCE માં વિદ્યાર્થી નાપાસ થાય તો સંપૂર્ણ ફી પરત
ગાંધીનગરમાં સૌથી સારા ગેરન્ટેડ એજ્યુકેશન સામે સૌથી ઓછામાં ઓછી ફી
For Inquiry : 8734896771 | 9998966071 | 9687893002
એપોલો ઇન્ટરનેશનલ સ્કૂલ
ગાંધીનગર-કોબા હાઈવે, કુડાસણ, ગાંધીનગર - ૩૮૨૪૨૧

### પરમને પ્રાર્થના...



**વશિષ્ઠ ઉદય વૈષ્ણવ**

સુર્યનું સમી સાંજે અસ્ત થવું
એ કુદરતનો ક્રમ છે.
પરંતુ મધ્યાહને અસ્ત થવું
એ વિધીની વક્રતા છે.
તારી આકસ્મિક વિદાય
અમારા માટે અસહ્ય બની છે.
ચિર શાંતિ માટે પરમને પ્રાર્થના...

કૃષ્ણકાન્ત જહા
તથા
ગાંધીનગર સમાચાર પરિવાર

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

LED TV
રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ADMISSION OPEN FOR 2023-24
બાળક એક્સપર્ટ છે તો શિક્ષણ કેમ EXPERT નહીં?
100% Results Guj. & Eng. Medium
AC Classroom
EXPERT CLASSES
Look Forward To A Brighter Future
Founder : Puran Sir (M.sc., M.Ed.) Maths
1 Regular Test
2 Best Result
3 Personal Guidance
4 Parents Meeting
5 Online Attendance
6 SMS Facility
BASIC COURSE STD. 1ST TO 8TH GSEB/CBSE
FOUNDATION COURSE STD. 9TH - 10TH GSEB/CBSE
MEDICAL & ENG. COURSE STD. 11TH - 12TH JEE/NEET
Lowest Fee in Gandhinagar
Van Facility Available
Separate Batch for CBSE
Branch-1 : 2nd Floor, Pranam Square, Opp. Somnath Society, Pethapur
Branch-2 : Plot No. 896/1, Sector - 13B, Gandhinagar
Branch-3 : Plot No. 562, Sector - 27, Gandhinagar
+91 78740 08182, +91 93287 16062